Extra No. 315

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] MONDAY, SEPTEMBER 1, 2025 / BHADRA 10, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧-લી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના તારીખઃ ૨૩મી મે, ૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંકઃ જીકે/૧૩/એલડી/૧૦૨૦૨૫/ઈ-સમન્સ/૦૧/ડી સેક્શન-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Electronic Processes (Issuance, Service and Execution) Rules, 2025

ગુજરાત ઈલેક્ટ્રોનિક આદેશિકા (કાઢી આપવા, બજાવવા તથા તેનો અમલ કરવા) બાબત નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી મે, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક: જીકે/૧૩/એલડી/૧૦૨૦૨૫/ઈ-સમન્સ/૦૧/ડી સેક્શન:- ગુજરાત રાજ્યને લાગુ પડતી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૫૩૦ના ખંડ (૧) સાથે વાંચતા કલમ ૬૪ની પેટા-કલમ (૧)થી અને અન્ય સત્તા આપતી (સક્ષમ) જોગવાઈઓથી મળેલી સત્તાની રૂએ અને ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત ઈલેક્ટ્રોનિક આદેશિકા (કાઢી આપવા, બજાવવા તથા તેનો અમલ કરવા) બાબત નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-

૧. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) “સીસીટીએનએસ” અથવા “ઈગુજકોપ” એટલે ક્રાઇમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ- ડેટાનો સંગ્રહ કરવા અને સૂચનાનો અમલ કરવા માટે પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતું સિસ્ટમ સોફ્ટવેર;

(ખ) “સીઆઈએસ” એટલે કેસ ઈન્ફર્મેશન સિસ્ટમ, ડેટાનો સંગ્રહ કરવા અને સૂચનાનો અમલ કરવા માટે જિલ્લા ન્યાયતંત્ર અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપયોગમાં લેવાતું સિસ્ટમ સોફ્ટવેર;

(ગ) “ડિસક્લોઝ્ડ ઈલેક્ટ્રોનિક મેલ એડ્રેસ” એટલે વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા ઈન્ટરનેટ પર સંદેશા મોકલવા અને મેળવવા માટે ઉપયોગ કરવામાં આવતું વ્યક્તિ અથવા સંસ્થાનું ઈમેલ એકાઉન્ટ, અને તે માન્ય હોય તેમ દર્શાવવામાં આવેલ હોય, અથવા તેવી વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા વ્યક્તિગત રીતે અથવા વેબસાઈટ અથવા પોર્ટલ પર પૂરું પાડવામાં આવેલ હોય;

(ઘ) “ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર” નો અર્થ, સંહિતાની કલમ ૨(૧) (ટ)માં વ્યાખ્યા કર્યા મુજબ થશે;

(ચ) “ઈસાઈન” એટલે ઈન્ફર્મેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ (સન ૨૦૦૦ના ૨૧મા)ની બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી ઈલેક્ટ્રોનિક ટેકનોલોજીના માધ્યમ દ્વારા સહી કરનાર અથવા કોર્ટ દ્વારા કોઈપણ ઈલેક્ટ્રોનિક રેકોર્ડનું પ્રમાણીકરણ અને તેમાં ડિજિટલ સહીનો સમાવેશ થાય છે. વળી, ઈલેક્ટ્રોનિક સ્વરૂપે જનરેટ કરવામાં આવેલ આદેશિકા અથવા રિપોર્ટનું ઈલેક્ટ્રોનિક સહીના માધ્યમ દ્વારા પ્રમાણીકરણ કરવામાં આવેલ હોય, ત્યારે જેણે ઈલેક્ટ્રોનિક સહી કરી હોય તે વ્યક્તિની સહી દ્વારા તે પ્રમાણિત થયેલ હોવાનું ગણાશે;

(છ) “હાઈકોર્ટ” એટલે ગુજરાતની ન્યાયનિર્ણાયક હાઈકોર્ટ;

(જ) “આદેશિકા(કામગીરી હુકમ)” માં, સંહિતામાં જણાવ્યા મુજબના સંબંધિત હેતુઓ માટે કાઢવામાં આવેલ સમન્સ, વોરંટ અથવા દરેક કેસના સંજોગો મુજબ જરૂરી હોય તેવા ફેરફાર સાથેના સંહિતાની દ્વિતીય અનુસૂચિમાં નિયત કરેલ કોઈ અન્ય નમૂનાનો સમાવેશ થાય છે;

(ઝ) “નિયમો અને હુકમો” એટલે ગુજરાત નિયમો અને હુકમો (ફોજદારી);

(ટ) “સંહિતા” એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૬મો);

(ઠ) “સિક્કો(સીલ)” એટલે કોર્ટના સિક્કા (સીલ)નું ચિત્ર(ઈમેજ);

(ડ) "રાજ્ય" એટલે ગુજરાત રાજ્ય;

(ઢ) "સમન્સ" એટલે સંહિતા હેઠળ કાઢી આપેલા કોઈપણ સમન્સ;

(ત) "વોરંટ" એટલે સંહિતા હેઠળ કાઢી આપેલું વોરંટ અને તેમાં જામીનપાત્ર અને બિન જામીનપાત્ર વોરંટનો સમાવેશ થાય છે.

૨. આ નિયમોમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા), ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૫મા), ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૭મા) અને ઈન્ફર્મેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ (સન ૨૦૦૦ના ૨૧મા) માં તેઓનો જે અર્થ કર્યો છે તે જ થશે;

૩. કોર્ટે, દરેક કેસના સંજોગો મુજબ જરૂરી હોય તેવા ફેરફારો સાથે, સંહિતાની દ્વિતીય અનુસૂચિમાં નિયત કર્યા પ્રમાણેના નમૂનામાં સીઆઈએસ મારફત ઈલેક્ટ્રોનિક માધ્યમમાં આદેશિકા જનરેટ કરવી જોઈશે અને કાઢી આપવી જોઈશે. તેની બજવણી તે કાઢી આપી હોય તે કોર્ટના અધિકારીએ કરવી જોઈશે.

૪. કોર્ટ, તેવી આદેશિકાની જે(વ્યક્તિ) ને બજવણી કરવા ધાર્યું હોય તે વ્યક્તિનું જરૂરી ઈલેક્ટ્રોનિક એડ્રેસ/સંપર્કની માહિતી ધરાવતી ન હોય અથવા નિયમ ૩ અનુસાર કાઢી આપેલ આદેશિકાની બજવણી થયેલ ન હોય, ત્યારે તે(કોર્ટ), પોલીસ અધિકારી અથવા અન્ય રાજ્ય સેવક દ્વારા તેની બજવણી કરવાનો આદેશ કરી શકશે.

૫. સંહિતા હેઠળ ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર સ્વરૂપે કાઢી આપેલ દરેક આદેશિકા સામાન્ય રીતે કોર્ટની ભાષામાં લખેલી હોવી જોઈશે અને ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના એનક્રિપ્ટેડ સ્વરૂપમાં હોવી જોઈશે અને કોર્ટના સિક્કા(સીલ)નું ચિત્ર(ઈમેજ) અને ઈસાઈન ધરાવતી હોવી જોઈશે.

૬. ઈલેક્ટ્રોનિક રીતે કાઢી આપવામાં આવેલી દરેક આદેશિકામાં, કોર્ટના નામનો અને સહી કરનાર અને સબસ્ક્રાઈબર જે હેસિયતથી કાર્ય કરતા હોય તે હેસિયતનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ થતો હોય તે રીતે ઈસાઈન કરેલી હોવી જોઈશે. ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં જનરેટ કરવામાં આવેલા સમન્સ પર કોર્ટના સિક્કા(સીલ)નું ચિત્ર(ઈમેજ) અને કોર્ટના સમુચિત અધિકારી અથવા રીડર અથવા યથાપ્રસંગ, આ સંબંધમાં લેખિતમાં અધિકૃત કરેલી કોઇ વ્યક્તિની ઈસાઈન હોવી જોઈશે. ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં (કાઢી આપેલું) ધરપકડનું દરેક વોરંટ, કોર્ટના પ્રમુખ અધિકારીની ઈસાઇન દ્વારા કાઢી આપેલું હોવું જોઈશે અને તેની પર કોર્ટનો સિક્કો (સીલ) પણ હોવો જોઈશે.

૭. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે જનરેટ કરેલી આદેશિકા ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના એનક્રિપ્ટેડ અથવા કોઇ અન્ય સ્વરૂપે સિક્યોર્ડ(સુરક્ષિત) સિસ્ટમ મારફત સીસીટીએનએસ/ઈગુજકોપ/ઈસમન્સ પોર્ટલ પર મળેલ હોય, ત્યારે તે, કોર્ટ દ્વારા કાઢી આપેલ હોવાનું માનવું જોઈશે. વધુમાં, તેવી આદેશિકાની કોઇ પ્રિન્ટઆઉટની, તેના અમલના હેતુ માટે અસલમાં કાઢી આપી હોય તેવી જ અસર રહેશે.

૮. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીએ સુનિશ્ચિત કરવું જોઈશે કે આરોપી અથવા યથાપ્રસંગ, સાક્ષીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા સરનામા, ડિસ્ક્લોઝ્ડ (જાહેર કરેલ) ઈલેક્ટ્રોનિક મેલ એડ્રેસ, ફોન નંબર અને મેસેજિંગ એપ્લિકેશન સંબંધિત ખરાઇ કરેલી વિગતો, ધરપકડ, તપાસ અથવા પૂછપરછ દરમિયાન રેકર્ડ કરવામાં આવેલ છે અને સીસીટીએનએસ/ઈગુજકોપમાં નોંધવામાં આવેલ છે. તેવી વિગતો સંહિતાની કલમ ૬૪ની પેટા-કલમ (૧) અનુસાર પોલીસ સ્ટેશન ખાતે નિભાવવામાં આવતા રજિસ્ટરમાં પણ નોંધવી જોઈશે. તેવી કોઇ વિગત ઉપલબ્ય ન હોય, તો પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીએ, રજિસ્ટરમાં તે મતબલનો શેરો કરવો જોઈશે:

પરંતુ વધુ ખરાઇના આધારે અથવા એવી વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી અરજીના આધારે તેવી કોઇ વિગતો સુધારી શકાશે.

૯. ખાનગી ફરિયાદના આધારે કેસ દાખલ થયેલ હોય, ત્યારે ફરિયાદીએ ફરિયાદની સાથે, આરોપી અને સાક્ષીઓના સરનામા, ડિસ્ક્લોઝ્ડ (જાહેર કરેલ) ઈલેક્ટ્રોનિક મેલ એડ્રેસ, ફોન નંબર અને મેસેજિંગ એપ્લિકેશનની વિગતો પૂરી પાડવી જોઈશે. તેવી કોઇ વિગત ઉપલબ્ય ન હોય, તો ફરિયાદીએ તે મતબલનો શેરો કરવો જોઈશે.

૧૦. સરનામા, ડિસ્ક્લોઝ્ડ (જાહેર કરેલ) ઈલેક્ટ્રોનિક મેલ એડ્રેસ, ફોન નંબર અને મેસેજિંગ એપ્લિકેશનને લગતી વિગતો, ઈલેક્ટ્રોનિક સ્વરૂપે મોકલવી જોઈશે અને સીઆઈએસ-માં નિભાવવી જોઈશે અને આદેશિકા કાઢી આપવા માટે તેનો ઉપયોગ કરી શકાશે. તેવી ડિજિટલ માહિતી સંહિતાની કલમ ૬૪ હેઠળના રજિસ્ટરનો ભાગ બનશે.

૧૧. ભોગ બનનાર અને સાક્ષીઓની જાહેર કરેલ ઈલેક્ટ્રોનિક મેલ એડ્રેસ, ફોન નંબર અને મેસેજિંગ એપ્લિકેશનને લગતી વિગતો, આરોપીને જાહેર કરવી જોઈશે નહિ.

૧૨. નિયમ ૪ અનુસાર કાઢેલો સમન્સ મળ્યેથી, પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી અથવા તેમના દ્વારા નિયુક્ત કોઈ તાબાના અધિકારી, સમન્સને, જેના પર સમન્સ કાઢવામાં આવ્યો હોય તે વ્યક્તિના જાહેર કરેલા ઈલેક્ટ્રોનિક મેલ એડ્રેસ, ફોન નંબર અથવા મેસેજિંગ એપ્લિકેશન પર મોકલી શકશે.

૧૩. (૧) ઈલેક્ટ્રોનિક મેલ દ્વારા સમન્સ બજાવવામાં આવે, ત્યારે બજવણી કરનાર ડિલિવરી થયાની સ્વીકૃતિની પંહોચ આપે, તો બજવણી કરવામાં આવી હોવાનું માનવામાં આવશે.

(૨) કોઇ સમન્સ વ્યક્તિને અથવા સંસ્થાને, તેમના દ્વારા જાહેર કરેલા ઈલેક્ટ્રોનિક મેલ એડ્રેસ પર મોકલવામાં આવે, ત્યારે જ્યાં સુધી ઈલેક્ટ્રોનિક મેઈલની ડિલિવરીમાં કોઈ પણ કારણોસર વિક્ષેપ આવે અથવા તે પાછી આવે તે સિવાય, ડિલિવરી થઈ ગઈ હોવાનું ગણાશે અને વિરુદ્ધનું સાબિત થાય તે સિવાય, ઈલેક્ટ્રોનિક મેલ જે સમયે ડિલિવર થયો હોય તે સમયે ડિલિવરી થઈ હોવાનું માનવામાં આવશે.

૧૪. (૧) મેસેજિંગ એપ્લિકેશન સહિત અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર દ્વારા સમન્સ બજાવવામાં આવે છે, ત્યારે સ્વીકૃતિની પંહોચ બજવણીના રિપોર્ટનો ભાગ બનશે અને રિપોર્ટમાં સંદેશાવ્યવહારની ડિલિવરીને પ્રતિબિંબિત કરતા મોબાઈલ નંબર, મેસેજિંગ એપ્લિકેશન અને એપ્લિકેશનના સ્ક્રીનશોટ/ ફોટા સહિતની વિગતોનો સમાવેશ થશે.

(૨) આવી ડિલિવરીને સમન્સ/આદેશિકાની યોગ્ય રીતે બજવણી થઈ હોવાનું ગણવામાં આવશે અને આવા સમન્સ/આદેશિકાની નકલ, બજવણીના રિપોર્ટની સાથે, સમન્સ/આદેશિકાની બજવણીના પુરાવા તરીકે રેકર્ડમાં રાખવામાં આવશે.

સ્પષ્ટીકરણ- આ નિયમ અથવા નિયમ ૧૪ હેઠળની સ્વીકૃતિની પંહોચમાં, નીચે દ્વારા આપવામાં આવેલી સ્વીકૃતિની પંહોચનો સમાવેશ થાય છે-

(ક) (ડિલિવરી) મેળવનાર દ્વારા સ્વચાલિત (ઓટોમેટેડ) અથવા અન્ય રીતે કરવામાં આવેલ કોઈ સંદેશાવ્યવહાર; અથવા

(ખ) (સમન્સ) મેળવનારનું કોઈપણ વર્તન, કે જે (સમન્સ) મોકલનારને ઈલેક્ટ્રોનિક રેકર્ડ પ્રાપ્ત થયો છે તેમ દર્શાવવા માટે પૂરતું હોય.

૧૫. જેના પર સમન્સ કાઢવામાં આવ્યો હોય તે વ્યક્તિને સંબંધિત ઈ-મેલ એડ્રેસ, ફોન નંબર અથવા મેસેજિંગ એપ્લિકેશનની ખરાઈ કરેલી વિગતો ઉપલભ્ય ન હોય તેવા કિસ્સામાં, પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી અથવા કોઈ નિયુક્ત પોલીસ અધિકારી દ્વારા આ બાબતની નોંધ કરવી જોઈશે અને ઈલેક્ટ્રોનિક રીતે કાઢવામાં આવેલા સમન્સની બે નકલમાં પ્રિન્ટઆઉટ લીધા પછી, સંહિતા હેઠળ ઠરાવેલી કાર્યરીતિ અનુસાર તેનો અમલ કરવો જોઈશે.

૧૬. સમન્સ ઈલેક્ટ્રોનિક મેલ અથવા ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારની અન્ય કોઇ રીતે બજાવવામાં આવેલ ન હોય અથવા ડિલિવરીમાં કોઈપણ કારણસર વિક્ષેપ આવેલ હોય અને ડિલિવરી થયેલ ન હોય અથવા અન્ય કોઇ કારણથી પાછી આવેલ હોય, ત્યારે સંબંધિત અધિકારીએ, ડિલિવરીની પુષ્ટિ કરતા મોબાઈલ નંબર, મેસેજિંગ એપ્લિકેશન અને એપ્લિકેશનના સ્ક્રીનશોટ/ ફોટો સહિતની તમામ વિગતો ધરાવતી બાબતનો રિપોર્ટ તૈયાર કરવો જોઈશે અને લાગુ પડતી પ્રક્રિયા મુજબ આગળની કાર્યવાહી કરવી જોઈશે.

૧૭. વ્યક્તિગત બજવણી કરવી જરૂરી હોય તેવા વોરંટ કે અન્ય કોઇ આદેશિકાની ઈલેક્ટ્રોનિક માધ્યમથી બજવણી કરેલ હોય તેવા કિસ્સામાં, પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી અથવા તેમના દ્વારા નિયુક્ત કોઈ પોલીસ અધિકારીએ વોરંટ અથવા આદેશિકાની પ્રિન્ટઆઉટ લેવી જોઈશે અને સંહિતા અને તે હેઠળ કરેલા નિયમો અનુસાર તેનો અમલ કરવો જોઈશે.

૧૮. કોઇ આદેશિકા ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા હોય તે સિવાય બજાવવામાં કે અમલ કરવામાં આવી હોય, ત્યારે પોલીસ અધિકારીએ બજવણી કરતી વખતે અથવા આદેશિકાનો અમલ કરતી વખતે, (આદેશિકા) મેળવનારની સ્વીકૃતિ પંહોચ મેળવવી જોઈશે અને તેનો ફોટોગ્રાફ પાડવો જોઈશે કે જે બજવણીના રિપોર્ટનો ભાગ બનશે.

૧૯. વોરંટની યોગ્ય રીતે બજવણી થયેથી અથવા બજવણી ન થયેથી, સંબંધિત પોલીસ સ્ટેશનના બજવણી અધિકારીએ, જામીનગીરી ખત, ફોટોગ્રાફ્સ, સ્વીકૃતિની પહોંચ, કોઇ હોય, તો તે સહિત સંબંધિત દસ્તાવેજો સાથે (કરેલી) બજવણી(ની નકલ), સીસીટીએનએસ/ એનએસટીઇપી/ઇગુજકોપ/ઇસમન્સ પોર્ટલ મારફત સંબંધિત કોર્ટને મોકલવી જોઇશે.

૨૦. કોર્ટ, નિયમ ૧૯ હેઠળ ઈલેક્ટ્રોનિક સ્વરૂપે રિપોર્ટ મળ્યેથી, આવા રિપોર્ટ ઉપર યોગ્ય લાગે તેવી કાર્યવાહી કરી શકશે. આવો રિપોર્ટ અથવા રિપોર્ટની પ્રિન્ટઆઉટ, આદેશિકાની બજવણી અમલ થયો હોવાની ખાતરી કરવાના હેતુ માટે અસલ હોવાનું માનવામાં આવશે.

૨૧. ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૫મા)ની કલમો ૬૪ થી ૭૧ હેઠળના ગુનાઓ અથવા સ્ત્રી અથવા બાળક વિરૂદ્ધના ગુનાઓ અથવા જાતીય પ્રકારના ગુનાઓ સામે બાળરક્ષણ અધિનિયમ, ૨૦૧૨ અને કિશોર ન્યાય (બાળકની સંભાળ અને રક્ષણ બાબત) અધિનિયમ, ૨૦૧૫ હેઠળના ગુનાઓને લગતા કેસોમાં કોઇ આદેશિકા કાઢવામાં આવે, ત્યારે બજવણી અથવા અમલની કોઇ પ્રક્રિયામાં ભોગ બનનારની ઓળખ કોઇપણ રીતે છતી ન થાય તે સંબંધિત અધિકારીએ સુનિશ્ચિત કરવું જોઇશે.

૨૨. આ અર્થે કરેલો કોઇ પણ નિયમ, કોર્ટ દ્વારા આદેશિકા કાઢી આપવા, તેની બજવણી કરવા અને તેનો અમલ નિર્દિષ્ટ કરવા માટે, તત્સમયે અમલમાં હોય તેવા ગુજરાત હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલા અન્ય કોઇપણ કાયદા અથવા નિયમો ઉપરાંતનો રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અમિત કે. ગોહિલ,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.04 19:12:33 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar